## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




સ્થાપના માટે સાહેબ આ... નેનો ટેકનોલોજીથી બનેલ ગણેશજી લઇ જાવ... ગવર્મેન્ટ પણ વાંધો નહી લે... જરાક પાણી હોય તો પણ વિસર્જન થઇ શકશે.. અને મોટી મૂર્તિ જેટલો ખર્ચ પણ થઇ જશે...!!

## પાવન પર્યુષણ (ચોથો દિવસ)
પ.પૂ.આચાર્ય ભગવન્તશ્રી નરરત્ન સૂરીશ્વરજી મ. સાહેબની અમૃતવાણી

### જે આત્મા કલ્પસૂત્ર સાંભળે, તેના મોક્ષોના દ્વાર ખુલી જાય છે

દરેક ધર્મ પોતાની રીતે વ્યક્તિના આત્માના કલ્યાણનો માર્ગ બતાવે છે. જૈન ધર્મ પણ બતાવે છે. જૈન ધર્મ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિના જીવોને પણ રક્ષા, દયા કરવાનું શીખવે છે. આનંદની વાત તો એ છે કે પરમાત્મા મહાવીરે આ સૃષ્ટિના તમામ જીવોની રક્ષા દયા કરીને પણ કેવી રીતે જીંદગી જીવી શકાય એની થીયેરીકલ અને પ્રેક્ટિકલ જ્ઞાન પણ આપ્યું છે.




ભગવાને માત્ર ઉચ્ચત્તમ ભુમિકાના જીવને માટે જ ધર્મમાં બોધ નથી આપ્યો પણ દરેક ભુમિકાના જીવનેઅનુલક્ષીનેબોધ આપ્યો છે. ભગવાને સાધના કેવી રીતે થાય એ તો શીખવ્યું પણ પૈસો કેવી રીતે કમાવાય, ઘરમાં શાંતિ કેવી રીતે ટકે, પુત્ર-પુત્રી વશમાં કેવી રીતે રહે, રાજકારણ કે અર્થશાસ્ત્ર પણ કેવી રીતે ટકાવાય, એ બધુ જ શીખવ્યું કારણ કે ભગવાન પણ સમજતા હતા કે મોટા ભાગના જીવો આ બધુ છોડી શકવાના નથી જ તો પછી આ બધુ કરતાં કરતાં પણ ધર્મ કેવી રીતે થઈ જાય અથવા તો આ સંસારની જીંદગીમાં પણ અલ્પ હિંસા કેવી રીતે થઈ શકે એનું સરસ માળખુ ભગવાને બતાવ્યું. આ રીતે જીવન જીવનારને પૈસાની ખોટ ન પડે એમ નહીં પણ સંતોષ પ્રગટવાના કારણે મળેલા પૈસામાંથી કેવી રીતે નિર્વાહ કરવો તે આવડી જાય. આમ દરેક બાબતે સમજી શકાય પરમ પવિત્ર જૈન ધર્મગ્રંથ કલ્પસુત્ર એ વર્તમાનની ત્રસ્ત અને વ્યસ્ત પ્રજા માટે અમુલ્ય ગ્રંથ છે. જૈન પરંપરાના નિયમનુસાર સંસારી જીવોને આ ગ્રંથ વાંચવાનો અધિકાર નથી પણ શ્રવણ કરી શકે છે. આ કલ્પસુત્રના સમ્યક શ્રવણ અને મનનીય ચીંતન દ્વારા વ્યક્તિ ઘણી બધી વ્યવહારિક મુશ્કેલીઓનો ઉપાય જાણી શકે છે. આમ, બાહ્ય રીતે કલ્પ સુત્રના પ્રાંરભમાં જૈન સાધુના દસકલ્પ અંગેની ભુમિકા છે. ભગવાન મહાવીર સ્વામીનું ચારિત્ર વિસ્તૃત રૂપે વર્ણાવાયું છે. અન્ય ત્રેવીસ ભગવાન કેટલા સમય પૂર્વે થયા તેની વિગત અને ત્રણ ભગવાનના સંક્ષેપ્ત ચારિત્ર છે. છેલ્લે ભગવાન મહાવિર સ્વામીના અનુયાયી મુખ્ય જૈનાચાર્યના જીવનની પણ કેટલીક વાતો અને છેલ્લે જૈન સાધુની જીવન ચર્ચા અંગેનુંપ્રવચન આપે છે.







## મીશન મંગલમ યોજનાના ૪૦૦ કર્મચારીઓની અટકાયત

લાઈવલી હુડ પ્રમોશન કંપની દ્વારા મીશન મંગલમ યોજનામાં ઉદ્યોગ ભવન ખાતે ડાયરેકટરની કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓનો પગાર વધારો કરવામાં આવ્યો પરંતુ રાજયભરના હજારો કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં ન આવતા રોષ ફેલાયો છે. ત્રણેક દિવસથી કર્મચારીઓ ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે ત્યારે આજે કર્મચારીઓનું ટોળુ કોબા રોડ પર સ્થિત 'કમલમ્' ખાતે પહોંચી ગયું હતું. ટોળુ કમલમ્માં પહોંચી જતા પોલીસ દોડતી થઈ ગઈ હતી અને ૪૦૦ જેટલા કર્મચારીઓની અટકાયત કરી ડીએસપી કચેરી ખાતે લઈ જવાયા હતા અને સમી સાંજે તમામ અટકાયતીને મુકત કરવામાં આવ્યા હતાં.

# દરગાહના મુઝાવરે ટ્રસ્ટની જમીન બારોબાર વેચી મારી..!

**વકફ બોર્ડ વેચાણ હુકમ રદ કરતાં જમીન ખરીદનાર શખ્સે અન્ય બે પાર્ટીની સાથે જમીનનો સોદો કરી નાંખ્યો : મુઝાવર સહિત ચાર સામે વકફ બોર્ડના ઓ.એસ.એ સે. ૭ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો**

ગાંધીનગર, તા. ૩૧

સુરત ખાતેના બડાપીર ટ્રસ્ટની જમીનને દરગાહના મુઝાવરે બારોબાર વેચી દઈ રૂ. ૨૦.૯૨ લાખ ટ્રસ્ટમાં જમા ન કરાવી ઉચાપત કરી લીધી હતી. વકફ બોર્ડ ગાંધીનગર દ્વારા આ જમીન વેચાણ હૂકમ રદ કરવામાં આવ્યો હતો. જે પાર્ટીને જમીન વેચી હતી તે ભરાઈ જતા તેણે અન્ય બે શખ્સોને આ જમીન વેચી દીધી હતી. સમગ્ર ઘટના સંદર્ભે જુના સચિવાલય વકફ બોર્ડના ઓફીસ સુપ્રિટેન્ડન્ટે મુઝાવર સહિત ચાર શખ્સો સામે સે. ૭ પોલીસમથકમાં ફરીયાદ આપતા પી.આઈ. ડી.ડી. મોઢાએ વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ બડાપીર ટ્રસ્ટની સુરત સ્થિત જમીનને વેચવા માટે દરગાહના મુઝાવર બાબુશા કાસમશા મામસાએ ૨૦ ફેબ્રુઆરી ૨૦૦૬ના રોજ સુરત મામલતદાર કચેરીના આડા સહી સિક્કા વાળો દાખલો તૈયાર કરી વકફ બોર્ડ ગાંધીનગર ખાતે રજુ કર્યો હતો અને ટ્રસ્ટની જમીનનો વેચાણ હુકમ કરાવી સુરતના ઘનશ્યામ પોપટ કાતરોડીયા નામના શખ્સને જમીન વેચી દસ્તાવેજ કરી આપી રૂ. ૨૦,૯૨,૯૨૦ની રકમ ટ્રસ્ટમાં જમા કરાવ્યા ન હતા અને નાણાંની ઉચાપત કરી હતી. આ દાખલો બોગસ હોવાનું વકફ બોર્ડને જાણવા મળતા વકફ બોર્ડ દ્વારા જમીનના વેચાણનો હુકમ રદ કર્યો હતો. આ બાબત જમીન ખરીદનાર ઘનશ્યામને ધ્યાને આવતા તેણે આ તકરારી જમીન બીજા બે શખ્સો અરવિંદ દોલતરામ દેસાઈ અને કલ્પેશ ચંદુ પટેલને વેચી મારી હતી. જે અંતર્ગત સે. ૨૯ ખાતે રહેતા અને જુના સચિવાલય વકફ બોર્ડમાં ઓફીસ સુપ્રીટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા મુસ્તાકઅહેમદ અબ્દુલમઝીદ શેખે મુઝાવર સહિત ચારેય શખ્સો સામે સે. ૭ પોલીસમથકમાં ફરીયાદ આપતા પીઆઈ ડી.ડી. સોઢાએ આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી અને ૧૧૪ હેઠળ ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## આજે અમદાવાદ ખાતે જળકમળ શૈયા દર્શન

શ્રી એકલિંગજી મહાદેવ ટ્રસ્ટ દ્વારા ૧ સપ્ટેમ્બરને ગુરૂવારના રોજ જળકમળ શૈયા દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી એકલીંગજી મહાદેવ મંદિર, કોકડીયાની પોળના નાકે, સારંગપુર ચકલા ખાતે સાંજના ૫.૩૦ થી ૯.૩૦ કલાક જળકમળ શૈયા દર્શળનો કાર્યક્રમ યોજાશે.

# મામાના ઘરે જવા નીકળેલા ભાણીયાનો કેનાલમાં આપઘાત

**૧૯ વર્ષીય ભાણીયો પરઢોલથી વિરાતલાવડી જઈ રહ્યો હતો : રાયપુર કેનાલમાં અગમ્ય કારણોસર છલાંગ લગાવી મોતને વ્હાલુ કર્યું**

ગાંધીનગર, તા.૩૧

દશક્રોઈ તાલુકાના પરઢોલ વિસ્તારમાં રહેતો ૧૯ વર્ષીય યુવાન તેના મામાના ઘરે વિરાલાવડી તરફ આવવા નીકળ્યો હતો. દરમિયાન રાયપુર નર્મદા કેનાલમાં કોઈ અગમ્ય કારણોસર છલાંગ લગાવી મોતને વ્હાલુ કરી લીધું હતું. યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે હજુ સ્પષ્ટ થયું નથી. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પીએમ માટે મોકલીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં આવેલા પરઢોલ ગામમાં રહેતો ૧૯ વર્ષીય યુવાન અનિલ મુકેશભાઈ ઠાકોર આજે સવારે આઠેક વાગ્યાના અરસામાં ઘરેથી પોતાના મામાના ઘરે વિરા તલાવડી ખાતે જવાનું કહીને નીકળી ગયો હતો. આજે બપોરે તેણે રાયપુર કેનાલમાં પડતુ મુકીને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. અનિલ ઠાકોરે કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ સ્પષ્ટ થઈ નથી. આ ઘટના અંગે ડભોડા પોલીસને મૃતકના કાકા મહેશભાઈ બાદલભાઈ ઠાકોરે જાણ કરતા ડભોડાના જમાદાર બાબુભાઈએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

## પી.કે. ચૌધરી કોલેજનું ગૌરવ

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન.સી.સી. યુનિટ દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલ સી.એ.ટી.સી. કેમ્પમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કેમ્પમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ચિત્ર સ્પર્ધામાં 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત વિષય ઉપર ચૌધરી સંગીતાએ ભાગ લઈ પ્રથમ ક્રમાંક હાંસલ કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત રમત ગમત સ્પર્ધામાં વોલીબોલની ટીમે દ્વિતિય ક્રમ હાંસલ કરી સીલ્વર મેડલ મેળવ્યો હતો.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર સિવિલ સુપ્રિ. ડૉ. બિપીન નાયક ૫મી સપ્ટેમ્બર સુધી રજા પર ઉતરી ગયા છે.

● ગાંધીનગર મામલતદાર જોશીને મેલેરિયા થઈ જતાં રજા પર ઉતરી ગયા છે.

● ગાંધીનગર મામલતદારનો ચાર્જ દબાણ મામલતદાર જે. ટી. મકવાણાને સોંપવામાં આવ્યો છે.

● રાજયના મુખ્ય સચિવ જે.એન. સિંઘે આજે ખેલ મહાકુંભના આયોજન અને તૈયારીઓની સમીક્ષા માટે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

● ગાંધીનગર જિલ્લાના સ્માર્ટ વિલેજ માટે ૮ ગામોની દરખાસ્તોને આખરી ઓપ આપી સરકારમાં મોકલી આપવામાં આવી છે.

● શ્રાવણ માસ સમાપ્ત થતાં તેની ઉજવણીની તૈયારીઓમાં શિવભક્તો વ્યસ્ત બન્યા છે.

● ભાદરવી પૂનમના મેળામાં ભાગ લેવા જતા પદયાત્રીઓ માટે સેવાકેન્દ્રોના મંડપો બાંધવાનું માઈભક્તોએ શરૂ કર્યું છે.

● પાટનગર યોજના ભવનના ત્રણ કાર્યપાલક ઈજનેરો આજે એક સાથે નિવૃત્ત થયા છે. તેમને કર્મચારીઓએ ભાવભીની વિદાય આપી નિવૃત્તિ જીવનની શુભકામનાઓ પાઠવી છે.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર

ગેરન્ટેડ ગિફ્ટ કૂપન ચોંટાડવાનું ફોર્મ

1 2 3 4 5 6 7 8 9 10 11 12 13 14 15 16 17 18 19 20 21 22 23 24 25 26 27 28 29 30 31 32 33 34 35 36 37 38 39 40 41 42 43 44 45 46 47 48 49 50 51 52 53 54 55

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર

શુભ દિપાવલી

રાધે
Prem Ni Mithaas

*(૧) પહેલી કૂપન પ્રસિદ્ધ થયા બાદ આ યોજના ચાલુ થશે, જે ૫૫ કૂપન પ્રસિદ્ધ થશે ત્યાં સુધી ચાલશે.
(૨) આ દરમિયાન જે કૂપનો છપાય તે બધી જ આ ફોર્મમાં ચોંટાડવાની રહેશે.
(૩) ગિફ્ટ મેળવવા માટે ૫૫ કૂપનો ફોર્મમાં ચોંટાડવી ફરજિયાત છે. (૪) યોજનામાં કૂપનની ઝેરોક્ષ, ફાટેલી કૂપન કે અધૂરું ભરેલ ફોર્મ સ્વીકારાશે નહી.
(૫) એકપણ કૂપન ચોંટાડયા વગરનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. (૬) આ યોજના કોઈપણ સૂચના આપ્યા વગર કોઈપણ સમયે રદ કરવાનો અને નિયમોમાં ફેરફાર કરવાનો હક્ક યોજના પહેલાં અને પછી ફક્ત ગાંધીનગર સમાચાર પાસે રહેશે.
(૭) ગિફ્ટ કૂપન ચોંટાડવાના ફોર્મમાં ગ્રાહકે પોતાની વિગત ભરવી અત્યંત જરૂરીછે.

નામ :..........
સરનામું :..........
ફોન :..........મોબાઈલ :..........

આપના અખબાર વિતરક પાસેથી ગાંધીનગર સમાચાર માંગો, આજથી જ...

* શરતોને આધીન

Concept & Design By : PARAM Designs 99790 12234